## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

વાત છે આ સાવ અંગત કોઇને કે'તા નહીં..
લ્યો પડી છે આપની લત,કોઇને કે'તા નહીં
આયના હારી ગયા છે એકસો ને આઠ વાર
સાદગીનું એટલું સત,કોઇને કે'તા નહીં.

- હરદ્વાર ગોસ્વામી.

### પાથેય

- રમેશ ઠક્કર

## શબ્દોની હાથશાળ...

કેટલીક વાતો મનમાં જ ધરબાઇ જવા સર્જાઈ હોય છે..આમ જોઇએ તો ઉમળકો કે ઉર્મિ એ વ્યક્ત કરવાની એક મજા છે..કેટલાક સીધેસીધા શબ્દોમાં ઉભરો ઠાલવી દે ,તો ઘણા એને સંયમિત રીતે ઠાવકાઇથી કહેવામાં શાણપણ સમજે..સર્જકો એને શબ્દોની હાથશાળમાં સરસ રીતે વણાટ કરીને સંવેદનનો તાકો બનાવે છે.અંગત વાતો કહેવાની પણ લત હોય છે.જેમની લત પડી હોય એમને પણ અંગત કહી મુખર થવાની મજા માણવા જેવી છે..

આમ તો સરળ રીતે જીવવા જેવી બીજી કોઇ મજા ના હોઇ શકે..આયનામાં અનેકવાર જુઓ..મેકઅપની મજા ક્ષણજીવી જ હોય..કવિ અદ્ભુત શબ્દો થકી એનું બયાન કરે છે..એકસો ને આઠ વાર આયનો હારી જાય તો પણ સાદગીના સતને એ જીતી શકતો નથી ! અહીં એકસો ને આઠનો જે આંકડો છે એ પણ સૂચક છે..માળાના મણકા અવિરત ફરતા રહે તો પણ બ્રહ્મજ્ઞાન મળે ખરૂં ?આપણને અવિરત અને યંત્રવત વચ્ચેનો ભેદ સમજવામાં દાયકાઓ લાગી જતા હોય છે...ઉમળકો એ જીવનરસ છે છતાં આપણે એનો ઘૂંટ ભરી શકતા નથી.

આપણે જયારે ઠાવકાઇનો ઠસ્સો ધારણ કરીએ છીએ ત્યારે એક રીતે તો છળ કરતા હોઇએ છીએ.મુખવટો એ ઘણીવાર અસલ વ્યકિતત્વનું કેવળ રેપર હોય છે..ભીતરનું ભાવજગત જાણવા માટે આપણે ધૈર્ય કેળવવું પડે છે.મુખરતા જયારે મજાક બની જાય ત્યારે આપોઆપ દંભનો દરજ્જો વધી જાય છે..ઘણા લોકોને બોલકા કહેવામાં આવે છે,અને સલાહ આપવામાં આવે છે કે 'વિચારી ને બોલવું..વધારે ના બોલવું' પણ માણસ એ હંમેશાં કોઇ રાજદૂતની ભૂમિકામાં નથી હોતો કે એને જોખીજોખીને શબ્દવ્યવ્હાર કરવો પડે..માણસ પાસે બુધ્ધિ છે તો લાગણી પણ છે..સંવેદનતંત્ર છે..અરે ભાઇ ! માણસ જયારે છલકાય છે,ત્યારે જ સામેની વ્યકિત મલકાય છે..

આવા છલકાતા માણસોની દીવાનગી ઉપર જ દુનિયા નભે છે..એટલે જ કોઇકે કહ્યું છે..

"કરી ગઇ ભેદ સૌ, ખુલ્લા ભલે દીવાનગી મારી,
છતાંયે છે ઘણી વાતો ,હજુયે ખાનગી મારી"

લાગણીના તારસ્વરે જીવતો કોઇ માણસ હરખપદુડો ના બને તો જ નવાઇ ! આપણે ઘણીવાર બિનજરૂરી રીતે આપણી જાતને બાનમાં રાખીએ છીએ..માણસ પોતે જ પોતાના ઉપર આવો જુલમ કેમ કરતો હશે ? આપણે બંધિયારપણાને સમજણનો ઇલ્કાબ આપી વિનાકારણ જીવનના ઉલ્લાસને અવરોધીએ છીએ..

# શિવસેનાનું અસ્તિત્વ જોખમમાં છે

**તંત્રીસ્થાનેથી...**

એકનાથ શિંદેના બળવા પછી ઉદ્ધવ ઠાકરેની ખુરશી તો જોખમમાં આવી ગઈ બલકે ગઈ જ; એમણે સામે ચાલીને 'વર્ષા'નું મુખ્યમંત્રી માટેનું નિવાસસ્થાન ખાલી કરી દીધું અને સુપુત્ર-મંત્રી આદિત્ય ઠાકરેએ એમની ઓળખમાંથી મંત્રી શબ્દ ભૂંસી નાખ્યો. બળવાખોર શિંદે કોઈ સામાન્ય ધારાસભ્ય નથી. એમની વય બાકીના શિવસેનાના ધારાસભ્યો પર જડબેસલાક ફેલાયેલી હતી એ તો એમની સાથે સામૂહિક 'હિજરત' કરનારા ધારાસભ્યોની સંક્યા જોઈને જ સમજી શકાય છે. કજોડું લાંબો વખત ચાલતું નથી એમ રાજકીય પાર્ટીઓ સાથેના ગઠબંધન અનુકૂળતા પૂરતા થોડો વખત ચાલી જાય પણ અંતે તો 'હેમનું હેમ હોયે.' શિવસેના સંગઠન ભાજપનું કુદરતી સાથીદાર હતું. બાળાસાહેબ ઠાકરેની હિંદુત્વ સંદર્ભે જે કટ્ટરતા હતી એને ઈંદિરા ગાંધી જેવાં લોકપ્રિય વડાપ્રધાન પણ પડકારી નહોતા શક્યા. એ બેફામ નિવેદન કરતા રહેતા, મુસલમાનોને આ દેશમાં રહેવું હોય તો હિંદુઓનો આદર કરીને, ગાયમાતાની આમાન્યા જાળવીને અને હિંદુ દેવદેવતાઓ પ્રત્યે સન્માન દાખવીને જ રહી સકશે. જે લોકોને આ શરત મંજૂર ન હોય તે વેળાસર દેસ છોડી દે એમાં જ એમની ભલાઈ છે - એવા મતલબનાં કઠોર નિવેદનો છાશવારે કરતા રહેતા બાળાસાહેબને કોંગ્રેસશાસન વખતની પોલીસ હાથ અડકાડી શકતી નહોતી કે નહોતો કોઈ કોંગ્રેસી નેતા - અભિનેતા એમની વિરુદ્ધ અસંમતિનો હરફ ઉચ્ચારી શકતો. બોલીવૂડથી લઈ અંધારી આલમ પર્યંત બાળાસાહેબની ધાક પ્રવર્તતી હતી. બિન સાંપ્રદાયિક રાજનીતિના સમર્થક અને કોંગ્રેસ છોડીને પ્રાદેશિક પાર્ટી રચનાર તથા કોંગ્રેસ સાથે ગઠબંધન કરનાર મરાઠા નેતા શરદ પવાર જેવા સમર્થ નેતા એમની સાથે મીઠા સંબંએધો જાળવવામાં શાણપણ સમજતા હતા.

સામા પક્ષે મહારાષ્ટ્રનો માણૂસ વડાપ્રધાન પદે બેસતો હોય કે રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના ઉમેદવાર તરીકે પ્રતિભા પાટીલ પર કળશ ઢોળાતો હોય તો શિવસેના એનડીએ - ફેનડીએની મર્યાદા ઓળંગીને એના ટેકામાં હોવાનું નિવેદન કરી દેતી. બાબરી ધ્વંસ માટે અફસોસ વ્યક્ત કરવા સોગિયાં મોંઢાં કરી નિવેદનો કરનારા તત્કાલીન ભાજપના ધુરંધરોથી ઊલટું બાળાસાહેબે એવું નિવેદન કર્યું હતું કે બાબરી તોડી પાડવામાં શિવસેનાનો ફાળો હોય તો તેનં એમને ગૌરવ છે. આટલા કટ્ટરવાદી પક્ષ સાથે સત્તા ખાતર સમીકરણ માંડવાની કુનેહ શરદ પવારમાં હતી. પરંતુ રાહુલ ગાંધીને એ જોડાણ પસંદ નહોતું પડ્યું. એમણે પવારનું માન જાળવવા અને મહારાષ્ટ્ર જેવા મોટા મહત્ત્વનાં રાજયમાં ભાજપને સત્તાથી દૂર રાખવા મને-કમને એ 'કજોડું' સ્વીકારવું પડ્યું હતું. ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી બનવાની ચળ ઊપડી જ હતી અને ત્યારે ભાજપ એમને એ પદ આપવા તૈયાર નહોતું. ભાજપ શિવસેનાને બીજા ક્રમે રાખી સુવાંગ દેવેન્દ્ર ફડણવીસના હાથમાં સત્તા સોંપી દિલ્હીની કઠપૂતળી સરકાર બનાવવા માંગતું હતું. આખરે ઉદ્ધવ ઠાકરેએ 'કજોડું' સ્વીકાર્યુ અને એમનું દુઃખદ દાંપત્ય રગશિયા ગાડાની જેમ ખેંચાયું હતું ખરું. પરંતુ કોંગ્રેસ-એનસીપી તો મહારાષ્ટ્રમાં હિંદુત્વવાદી પાર્ટીઓના જોડાણથી ઊભું થયેલી ધ્રુવીકરણની સ્થિતિમાંથી બેઉને એકબીજા વિરુદ્ધ લડાવી પોતાનું ગ્રાઉન્ડ મજબૂત કરવામાં જ પડી ગયા હતા. શિવશેનાના પાયાના પથ્થર જેવા એકસાથે શિંદે જેવા નેતાઓને આવી સરકારમાં સાઈડ આઉટ' કરી દેવાયા એથી ભારેલો અગ્નિ ભભૂકી ઊઠ્યો છે.' ભારતીય જનતા પાર્ટી રાજકીય શિકાર કરવામાં પારવધી છે. એ તકની જ રાહ જોતી હોય છે. કર્ણાટક, મધ્યપ્રદેશ અને હવે મહારાષ્ટ્ર એની ઝપેટમાં આવી ગયા છે. શિવસેનાના અદના સૈનિકો તો મુંબઈમાં લોહીની નદીઓ વહેવડાવી દેવા તૈયાર હોય. પણ એમને પણ કોંગ્રેસ સાથેનું ગઠબંધન તો પસંદ નહોતું જ. ભાજપ માટે મહારાષ્ટ્રની સત્તા હસ્તગત કરાવી એ એક સપનું હતું. મોદીવેવ વખતે દેવેન્દ્ર ફડણવીસ જેવા કહ્યાગરા, નવા નિશાળિયાને એ સત્તા માણવાનો લ્હાવો મળી પણ ગયો. પણ એથી શિવસેનાનું સ્વમાન ઘવાયું હતું. ફરી એકવાર શિવસેના સામે મહારાષ્ટ્રની સત્તા ટકાવી રાખવાનો પડકાર ઊભો થયો છે. અત્યારે તો દિલ્હીના ચારે હાથ એકનાથના માથા પર છે. એ આખેઆખી પાર્ટી પોતાના નામે કરવા કૃતસંકલ્પ છે. ઉદ્ધવ ઠાકરેએ હથિયાર હેઠા મૂકી દીધાં છે. પવાર પાંગળાં પુરવાર થયા છે. એમણે શિંદેને સીએમ બનાવવાની વાત કરી છે. શું આખેઆખી પાર્ટીનું શિંદે બંધારણીય નિયમાવલી અનુસાર અપહરણ કરી ઉદ્ધવને નવરા કરી શકશે ? બાળાસાહેબ પ્રત્યેના સમ્માનને જીવથીય વહાલું માનનારા અદના શિવસૈનિકો શિવસેનાના નવા રંગરુપને સ્વીકારી શકશે ? પ્રશ્ન પેચીદો છે.

# મનોહર મોતી મારાં નયન ઉજાળે

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



પંપા સરોવરની પૂર્વે અને પશ્ચિમ માતંગ વન ફેલાયેલું હતું. અહીં માતંગ ઋષિનો નિવાસ. ઋષિનો પ્રભાવ એવો વાઘ અને હરણ હેતપ્રીતથી રહે.

એમની પાસે એક સેવિકા હતી. એ વનવાસી ભીલ જાતિ શબર જાતિની હતી.વનમાં એ તપસ્વિની શબરી તરીકે ઓળખાય. શ્વેત કેશ એના વૃદ્ધાવસ્થામાં સૌંદર્યમાં વધારો કરે. દેહ સૌષ્ઠવ પણ ખરું.



એકવાર ઋષિએ એને પાસે બોલાવીન જાણ કરી.'મારે પરમધામમાં પ્રયાણ કરવાનો સમય થયો છે. પરંતુ તારે અહીં રોકાવાનું છે. આપણા આશ્રમમાં શ્રીરામ, એના ભાઈ લક્ષ્મણ સાથે આવશે. એનો સત્કાર કરી લે, પછી તું મહાપ્રયાણ કરજે.' ઋષિઓએ યોગમાર્ગે દેહ મૂક્યો.

શબરી રામલક્ષ્મણની પ્રતીક્ષા કરતી હતી. થોડા દિવસ પછી એને સમાચાર મળ્યા. 'કબંધે દેહ છોડતી વખતે રામને કહ્યું.' અહીંથી તમે પંપા સરોવર જાવ. કિનારે ત્યાં શબરી તમારી પ્રતીક્ષા કરે છે.'

શબરી હોંશે હોંશે સ્વાગતની તૈયારી કરવા લાગી, નજીકમાં બોરડીનું વન હતું. એમાંથી બોર તોડે, ચાખે, મીઠાં હોય તો ટોપલીમાં નાખે. રામ લક્ષ્મણ પધાર્યા. શબરીએ આદર અને ઉત્સાહ સાથે સ્વાગત કર્યું. ભાઈઓ બોર ખાતા જાય અને રાજી થાય. શ્રીરામે કહ્યું, 'તું મારી માતા છો. તારી ભક્તિ અનન્ય છે.' શબરીએ તેમને વનની યાત્રા કરાવી.

સાંજ ઢળી હતી. પૂર્વે દિશામાં યજ્ઞનો અગ્નિ પ્રજ્જવલિત હતો. શબરીએ શ્રીરામને કહ્યું, 'મારે મહાપ્રયાણનો સમય થયો છે. આજ્ઞા આપો.' રામે 'તથાસ્તુ' કહ્યું. શબરીને અગ્નિ સામે સંકલ્પ કર્યો. તરત જ એનો દેહ તેજરેખામાં પરિવર્તિત થઈ ગયો. રામલક્ષ્મણે એને પ્રણામ કર્યા.

શબરી રાહ જોઈ રહી છે. એની વેદનાનું એક ગીત જાણીતું છે. એ શબરીના આત્મકથન રૂપે છે :

(૧) મારી ઝૂંપડીએ કયારે રામ પધારે ?
રામ પધારી આવી મુજને ઉગારે ?
(૨) નામ તે શબરી મારું, જાતની ભીલડી.
પ્રભુના ચરણે સોંપી, જીવનની વેલડી.
મનોહર મોતી મારાં, નયન ઉજાળે રે... મારી...
(૩) ગુરુજીના વચનમાં, વનવાસ રાખ્યો.
તેથી પ્રાણ કઠે આવી. હજુએ રોકાયો.
વાટલડી જોતી રહું છું. આંસુડાની ધારે.... મારી...
(૪) મીઠાં મીઠાં બોર લાવી, પડિયામાં રાખ્યા.
આંખે દેખાય નહિ. તેથી તે તો ચાખ્યા...
તાજાં તાજાં વીણું હું, સાંજ સવારે.... મારી...
(૫) લીલાં કે સૂકાં તોયે, લાગે મીઠાં,
ભક્તિ કેરાં દઢતા આ, ઠડિયાથી વધારે.... મારી...
(૬) કાયા કેરી કંથા, અતિ જીરણ બની છે.
તમારી પરીક્ષા મારે, વેરણ બની છે.
મૃત્યુ આવે તે પહેલાં, આવો મારે વારે.... મારી....

છ પદના આ ગીતમાં કેટલીય રીતે વિશિષ્ટ છે; તેથી સરસ છે :

લયમધુર ભક્તહૃદયમાંથી નીકળતો ભાવ તદ્દન સરળ ભાષામાં પ્રગટ થયો છે. 'રામ આવતા નથી' એ વેદના મોતી જેવા અશ્રુબિન્દુઓમાં પ્રગટ થાય છે. આ વાત નવી છે - 'આંખે દેખાતું નથી. તેથી બોર ચાખ્યા છે.' ગીતનો મધુરલય સંગીતને અનુરુપ છે.

## દિન મહિમા

● વી.વી.ગીરીની પુણ્યતિથિ, ભારતના ચોથા રાષ્ટ્રપતિ.

આજનું
### ઔષધ

● પગના મચકોડ પર આવળનાં પાન બાંધવાથી મચકોડનો સોજો અને દુઃખાવો મટી જાય છે.

### ખડખડાટ

● ટીચર : સંજુ યમુના નદી કયાં વહે છે?
સંજુ : જમીન પર
ટીચર : નકશામાં જણાવ કયાં વહે છે ?
સંજુ : નકશામાં કેવી રીતે વહી શકે છે. નકશો પલળી જશે!

આજનું
### વોટ્સએપ

● કોઈના કહેલા વેણ કે કરેલા કટાક્ષથી કયારેય મુંજાવું નહીં. કેમ કે સફળતા મળતા તેના શબ્દ પણ બદલાઈ જશે.

# લોકસભામાં નિર્ણાયક મત આપવાની સત્તા કોની છે?

**ખજાનો**
**અનિલ પટેલ**



### ભારતીય બંધારણ

૧ નાગરિકોને પદ્મશ્રી, પદ્મભૂષણ, ભારત રત્ન જેવા એવોર્ડ કોણ આપે છે ?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) સ્પીકર (ડ) ચીફ જસ્ટીસ

૨ રાજયનું મંત્રીમંડળ રાજયનો વહીવટ કોના નામે છે ?
(અ) રાષ્ટ્રપતિ (બ) મુખ્યમંત્રી
(ક) રાજયપાલ (ડ) વિધાનસભા અધ્યક્ષ

૩ રાજયસભાનું વિસર્જન કોણ કરી શકે છે ?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન
(ક) સ્પીકર (ડ) કોઈ નહીં

૪ સંઘનું પ્રધાન મંડળ દેશનો વહીવટ કોના નામે કરે છે ?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) સ્પીકર (ડ) પક્ષ પ્રમુખ

૫ કયા રાજયમાં ઉર્દૂને પ્રથમ રાજયભાષાનો દરજ્જો આપવામાં આવેલ છે ?
(અ) જમ્મુ - કશ્મીર (બ) ઉત્તરપ્રદેશ
(ક) કેરાલા (ડ) બંગાળ

૬ નાણાંપંચની રચના કોણ કરે છે ?
(અ) વડાપ્રધાન (બ) નાણામંત્રી
(ક) રાષ્ટ્રપતિ (ડ) સંસદના સ્પીકર

૭ લોકસભાને બરખાસ્ત કરવાની સત્તા કોને છે ?
(અ) સેના અધ્યક્ષ (બ) રાષ્ટ્રપતિ
(ક) વડાપ્રધાન (ડ) ચીફ જસ્ટીસ

૮ લોકસભામાં નિર્ણાયક મત આપવાની સત્તા કોની છે ?
(અ) સ્પીકર (બ) ડેપ્યુટી સ્પીકર
(ક) વડાપ્રધાન (ડ) વિરોધ પક્ષના નેતા

૯ રાજયપાલ બનવા ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઈએ ?
(અ) ૨૫ વર્ષ (બ) ૩૦ વર્ષ
(ક) ૩૫ વર્ષ (ડ) ૪૦ વર્ષ

૧૦ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂંક કોણ કરે છે ?
(અ) વડાપ્રધાન (બ) સંસદ
(ક) રાજયસભા (ડ) રાષ્ટ્રપતિ

૧૧ ખરડાની ચકાસણી કરવાનું કાર્ય કોણ કરે છે ?
(અ) કાયદામંત્રી (બ) કાયદા મંત્રાલય
(ક) પ્રવર સમિતિ (ડ) લોકસભાના અધ્યક્ષ

૧૨ કેન્દ્રીય વટહુકમ પાડવાની સત્તા કોને છે ?
(અ) સંસદ (બ) રાજયસભા
(ક) વડાપ્રધાન (ડ) રાષ્ટ્રપતિ

૧૩ અદાલતી કાયદા કોણે બનાવે છે?
(અ) લોકસભા (બ) રાજયસભા
(ક) સુપ્રીમ કોર્ટ (ડ) કાયદા મંત્રાલય

૧૪ કોની સહી વિના સંસદે પસાર કરેલો ખરડો કાયદો બનતો નથી ?
(અ) લોકસભા અધ્યક્ષ (બ) વડાપ્રધાન
(ક) રાષ્ટ્રપતિ (ડ) ચીફ જસ્ટીસ

૧૫ ભારતના રાજયોની ભાષાકીય ધોરણે પુનઃ રચના કયારે કરવામાં આવી ?
(અ) લોર્ડ હોર્ડીંગ્સ (બ) લોર્ડ વેલેસ્લી
(ક) વોર્ડ હેસ્ટિંગ્સ (ડ) લોર્ડ ડેલહાઉસી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

● ૨૪ જૂન :
- ભારતીય શાસ્ત્રીય સંગીતના શિરમોર પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મદિવસ )૧૮૯૭)
- 'જ્ઞાન રત્નાકર' પદવી મેળવનાર સંસ્કૃત પંડિત ડૉ. નોર્મન બ્રાઉનનો જન્મદિવસ (૧૮૯૨)
- અમેરિકન બોકસર જેમ ડેમ્સસેયનો જન્મદિવસ (૧૮૯૫)
- ઓસ્ટ્રેલિયાના પ્રથમ મહિલા પ્રાઈમ મિનિસ્ટર જુલીયા ગિયાર્ડ બન્યા (૨૦૧૦)

● ૨૫ જૂન :
- મશહૂર સ્પેનિશ આર્કિટેક એન્ટોની ગૌડીનો જન્મદિવસ (૧૮૫૨)
- અમેરીકન સિંગર અને ડાન્સર માઈકલ જેકસનનું ૫૦ વર્ષની વયે અવસાન (૨૦૦૯)
- વડ-ડે ટુર્નામેન્ટમાં ભારત ક્રિકેટમાં વિશ્વ વિજેતા બન્યું (૧૯૮૩)
- ભારતના પૂર્વ વડાપ્રધાન વિશ્વનાથ પ્રતાપસિંહનો જન્મદિવસ (૧૯૮૧)

● ૨૬ જૂન : માદક પદાર્થ વિરોધી દિવસ
- વિશ્વનું મશહુર ૫૫૩ મીટર ઊંચું સીએન. ટાવર પબ્લિક માટે ખુલ્લું મુકાયું (૧૯૭૬)
- અમેરિકન એથલેટ્સ બાડે ડિકિસીકશન ઝહારીયાનો જન્મદિવસ (૧૯૧૧)
- યુનિવર્સલ પ્રોડક્ટ કોડની શરુઆત થઈ. (૧૯૭૪)
- જેટ પ્લેનના શોધક વિલિયમ પોવેલ લિયરનો જન્મદિવસ (૧૯૦૨)

● ૨૭ જૂન : વિશ્વ ડાયાબિટીસ દિવસ
- અમેરિકન એકટર જેક લેમોનનો જન્મદિવસ (૧૯૨૫)
- ગોર્ડન બ્રાઉન બ્રિટનના વડાપ્રધાન બન્યા (૨૦૦૭)
- 'વંદે માતરમ્' ગીતના રચયિતા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મદિવસ (૧૯૩૮)
- અપંગોના પ્રેરણામૂર્તિ હેલન કેલનની જનમજયંતિ (૧૮૮૦)

● ૨૮ જૂન :
- અમેરિકાએ બાલ્ડ ઈગલને લુપ્ત થતી પ્રજાતિની લીસ્ટમાંથી કાઢી નાખ્યું (૨૦૦૭)
- કેન્સર રિસર્ચ માટે ફંડ ઊભું કરવા કેનેડામાં દોડીને ભ્રમણ કરનાર એક્ટીવીસ્ટ ટેરી ફોકસનું ૨૨ વર્ષની નાની વયે અવસાન (૧૯૮૧)
- અમેરિકન બેંક લૂટનાર જહોન ડીલીન્ગરનો જન્મદિવસ (૧૯૦૨)
- યુરોપના મશહુર ચિત્રકાર પીટર પોલ રુબિન્ઝનો જન્મદિવસ (૧૫૭૭)

● ૨૯ જુન :
- ઈરાકમાંથી ગઠબંધન સેનાઓની વાપસી (૨૦૦૯)
- લંડનનું પ્રખ્યાત ગ્લોબલ થિયેટર આગ લાગતાં નાશ પામ્યું (૧૬૨૩)
- શ્રીલંકાના પૂર્વ વડાપ્રધાન ચંદ્રિદ્રા કુમારતુંગાનો જન્મદિવસ (૧૯૪૫)
- એપલ કંપની દ્વારા સ્માર્ટફોન આઈફોન બજારમાં વેચાણ માટે મુકાયો (૨૦૦૭)

● ૩૦ જુન :
- નોર્થ કોરીયાના પ્રમુખ કિંમ ઝોન ઉન અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની બેઠક થઈ (૨૦૧૯)
- અમેરિકાનો મશહુર તરવૈયો માઈકલ ફેલ્પસનો જન્મદિવસ (૧૯૮૫)
- 'હિંદના દાદા' નામથી મશહુર દાદાભાઈ નવરોજીનું નિધન (૧૯૧૭)
- દુનિયાનો પ્રથમ ઈમર્જન્સી ટેલિફોન નંબર ૯૯૯ લંડનમાં લોન્ચ થયો (૧૯૩૭)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

ભ્રષ્ટાચારના કયા કેસના સંદર્ભમાં ઈડી દ્વારા રાહુલ ગાંધીની પૂછપરછ કરાઈ હતી ?
જવાબ : નેશનલ હેરાલ્ડ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૬ (૫) મીત પી. પટેલ : સરગાસણ (૬) એન બી ચુડાસમા : સેકટર-૩બી

**આ સપ્તાહનો સવાલ**

શિવસેનાના કયા નેતાની આગેવાની નીચે ધારાસભ્યો બાગી બન્યા ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮ ગાંધીનગર**

# ડાહ્યો, દોઢ ડાહ્યો અને પરણેલો માણસ કેમ પરખાય ?

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**



વગર મહેનતે, વગર સામગ્રીએ, બનતી ને સૌને મનગમતી - ઈન્સ્ટન્ટ વાનગી કઈ ખબર છે ? વાતોનાં વડાં !! મકાઈ કે બાજરીના લોટનાં નહીં પણ આ 'વાતોનાં વડાં' ભાઈઓને'ય ભાવે, પણ બહેનોને વિશેષ પસંદ આવે છે. ભાઈઓને કદાચ વાતો કરવા વિષય ગોતવો પડે, બહેનોને વરદાન હોય છે કે એ વગર વિષયે, કોઈ પણ વિષય પર વાતોનાં વડાં 'નોટ સ્ટોપ' તળી શકે છે !!

ઘણા 'ચેઈન સ્મોકર્સ' હોય છે.... પોતે પીતા હોય એ બીડી કે સિગારેટ પૂરી થવાની હોય ત્યારે એમાથી જ બીજી સળગાવીને પાછા શરૂ થઈ જાય 'દમ મારો દમ' કરતા.... અને એમની સ્મોકિંગની આવી ચેઈન - સાંકળી ચાલ્યા જ કહે.... 'ચેઈન ટોકર્સ' હોય છે. એમની એક વિષયની આરંભાયેલી વાતો કયારે બીજા ને પછી ત્રીજા - ચોથા સબજેક્ટ પર વળાંક લઈ, સ્પીડ પકડી લે - ખબર જ ના પડે.... 'અખંડ દીવા'ની માફક એમનો 'અખંડ વાર્તાલાપ' ચાલુ જ રહેતો હોય છે !! આવા 'અઠંગ વાતોડિયા' પાસે વાતોનો, વિષયોનો, અનુભવોનો ભંડાર ભરેલો હોય છે. એમની આ સતત બોલ્યા કરવાની શક્તિ ને ક્ષમતા ખરેખર બિરદાવવા લાયક હોય છે....

અમારા લાલાકાકાને આ 'કેટેગરી'માં મૂકી શકાય. એક રાત્રે કાકા જયાં ચાંલ્લો કે ગિફ્ટ આપવાનાં નહોતા એવા કોઈ પ્રસંગમાં નિરાંતે રસ-પૂરી-પાતરા-ઢોકળાં જમાવીને આવેલા એટલે એ અમારી ચોકઠા પરિષદમાં પધાર્યા ત્યારે એ 'ફૂલમૂન' નાઈટની માફક 'ફૂલમૂડ' માં હતા.

'ડાહ્યો માણસ કોણ ?' એ પ્રશ્ને ચાલી રહેલી અમારી ચર્ચામાં અંકલ એકાએક કૂદી પડ્યા : લાલાકાકાએ કહ્યું : 'જુઓ, પોતે ખોટો હોય તો વિના સંકેચો હાર માની લે એ ડાહ્યો માણસ કહેવાય.... અને પોતે સાચો હોય છતાં ય હાર માની લે એ.... પરણેલો કહેવાય...'

'અને બીજાની ચાલી રહેલી વાતોમાં અચાનક કૂદી પડે એને 'દોઢ ડાહ્યો' કહેવાય...!' ધીરેથી અંકલને કાને ના પડે એમ દરજી ભાઈએ વેતર્યું....

રેડ અંકલની આ નવી વ્યાખ્યા અને દરજીભાઈની એની ઉપરની કોમેન્ટ સાંભળીને ચોકઠા પરિષદમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. પણ અમારા હાસ્યનું અવળું 'રીએક્શન' આવ્યું. અમારે 'હસ્યા એટલે ફસ્યા' જેવું થયું. કેમ કે પોતાને મળેલા સુંદર 'રિસ્પોન્સ' થી અંકલ રંગમાં આવી ગયાને બોલ્યા : 'હજી સાંભળો, ભાઈઓ, હમણાં હમણાં યુવાનો કાન વીંધીવે છે ને કાનમાં કડીઓ પહેરતા થયા છે...'

'કાકા, મોર્ડન જમાનાની ફૅશન છે એ....' મોંમાં મસાલા સાથે પંચાલે પોતાનો અભિપ્રાય આવ્યો....

'ભલે કરતાં એવી ફૅશન...' લાલાકાકાએ કહ્યું : 'પણ આવી ફૅશન કરનારા યુવાનો મારા મતે લગ્ન માટે બિલકુલ લાયક કહેવાય.'

'એ કઈ રીતે ?' અમે પૂછ્યું :

'કેમ કે એક તો એ પીડા (કાન વીંધાવાની) પચાવી જાણે છે અને બીજું એને ઘરેણાં ખરીદવાની આદતને આવડત છે !!' અંકલની જોક પર ફરી સૌ હસ્યા...

અમે કહ્યું : 'અંકલ, આ તો બરાબર પણ હમણાં બે દિવસ પહેલાં 'વર્લ્ડ યોગ ડે ' - વિશ્વ યોગ દિવસ' ઊજવાયો. તમે 'યોગ દિન' ઊજવ્યો હતો ?'

'હાં....'

'કયાં ગયા હતા યોગાસન કરવા ?'

'કોઈ સમૂહમાં નહીં, મેં તો ઘરે જ યોગ કરેલા... અને હું તો રોજ આ બધાં યોગાસનો કરું જ છું....'

'અરે વાહ ! રોજ યોગ કરો છો... સારું કહેવાય.... તે અંકલ તમે રોજ કયાં આસનો કરો છો ?' પટેલભાઈએ ઓડિટ કાઢ્યું...

'હું રોજ નિદ્રાસન કરું છું, બેઠાસન પણ ખરું જ.... વળી લંચ - ડિનર ટાઈમે ભોજનાસન તો હોય જ અને આખો દિવસ કોઈને કોઈ જોડે વાતો એટલે 'વાતોસન' પણ ખરું !!' અંકલે પોતે રોજ કરે છે એ ફાલતું ને જેને યોગ સાથે જરાય સંબંધ નથી એવા આસનો ગણાવ્યા... એ સાંભળી અમે નિરાશ થયા...

પણ રેડ અંકલ હજી એ જ 'મૂડ'માં હતા એટલે કહે : 'યોગાસનની વાત જવા દો....' મારા પ્રશ્નનો જવાબ આપો : સારા ને મોટા વકીલ વચ્ચે શો ફર્ક છે ? ને પછી અમને ચૂપ જોઈ એમણે જ જવાબ આવ્યો : 'સારો વકીલ કાયદા જાણતો હોય અને મોટો વકીલ જજને જાણતો હોય છે!!'

અને અંકલની આ વાત પર હસતાં હસતાં અમે અમારી ચોકઠા પરિષદનું એ દિવસ પૂરતું 'જનગન મન.....' કહી ઊભા થયા.